# <u>પરિશિષ્ટ–૧</u>

# <u>જાહેરાતનો નમૂનો</u>

**સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લાઓમાં કલસ્ટર કક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સ્પેશ્યલ એજયુકેટરના ૧૧માસ માટે કરાર બાબત.**

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | સ્પેશ્યલ એજયુકેટર :Cerebral palsy (CP) | ૬૫ | રૂ.૧૫૦૦૦/– |
| ૨ | સ્પેશ્યલ એજયુકેટર :Hearing Impaired (HI) | ૩૯ | રૂ.૧૫૦૦૦/– |
| ૩ | સ્પેશ્યલ એજયુકેટર :Intellectual Disabilities(ID)/(MR) (માનસિક અશકતતા) | ૬૫૦ | રૂ.૧૫૦૦૦/– |
| ૪ | સ્પેશ્યલ એજયુકેટર :Multiple Disabilities(MD) | ૫૨૦ | રૂ.૧૫૦૦૦/– |
| ૫ | સ્પેશ્યલ એજયુકેટર :Visual Impaired (VI) | ૨૬ | રૂ.૧૫૦૦૦/– |

સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયની શાળાઓમાં કલસ્ટર કક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ઉકત જુદી જુદી કેટેગરી મુજબ સ્પેશ્યલ એજયુકેટરની જગ્યાઓની **<u>કાયમી ભરતી ન થાય તયાં સુધી કામચલાઉ</u>** ધોરણે ૧૧ માસના કરાર આધારિત કામગીરી કરાર માટે પસંદગીયાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી **ઓન–લાઈન** અરજીઓ મંગાવવામાં આવે છે

**ઉપરોકત તમામ જગ્યા માટે ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

ઉમેદવારે ઓન–લાઈન અરજી **<u>http://www.ssagujarat.org</u>** વેબ સાઈટ પર જઈ **<u>Recruitment</u>** પર કલીક કરી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબ સાઈટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની **સૂચનાઓ/માર્ગદર્શિકા** પહેલા વાંચી લેવી. સ્ટેટ પ્રોજેકટ ઓફિસ તથા જિલ્લા પ્રોજેકટ ઓફિસ ખાતે રૂબરૂ, ટપાલ કે કુરિયર ધ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહિં. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહિં.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે **ઓન–લાઈન કરેલ અરજીની પ્રિન્ટ** સાથે જરૂરી પ્રમાણપત્રોની એક–એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફસ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**ઓન–લાઈન અરજી કરવાની તારીખ : ૧૨/૦૯/૨૦૨૨ (૧૪:૦૦ કલાક થી શરૂ)**

**ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૦૧/૧૦/૨૦૨૨ (૨૩:૫૯ કલાક સુધી)**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,**
**સેકટર–૧૭, ગાંધીનગર**

## <u>પરિશિષ્ટ–૨</u>

### સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લાઓમાં કલસ્ટર કક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે જુદી જુદી કેટેગરી મુજબના સ્પેશ્યલ એજયુકેટરની જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્પેશ્યલ એજયુકેટર :Cerebral palsy (CP) | ૬૫ |
| ૨ | સ્પેશ્યલ એજયુકેટર :Hearing Impaired (HI) | ૩૯ |
| ૩ | સ્પેશ્યલ એજયુકેટર :Intellectual Disabilities(ID)/ (MR) **(માનસિક અશકતતા)** | ૬૫૦ |
| ૪ | સ્પેશ્યલ એજયુકેટર :Multiple Disabilities(MD) | ૫૨૦ |
| ૫ | સ્પેશ્યલ એજયુકેટર :Visual Impaired (VI) | ૨૬ |
| | **કુલ** | **૧૩૦૦** |

# <u>પરિશિષ્ટ – ૩</u>

## અરજી કરવા સંબંધિત સૂચનાઓ

૧. ઉમેદવારે ઓનલાઈન અરજી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

૨. ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિં. **ઓનલાઈન અરજી તા.૧૨/૦૯/૨૦૨૨ તારીખ થી (૧૪:૦૦ કલાક થી શરૂ) થશે.**

૩. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૦૧/૧૦/૨૦૨૨ છે. (૨૩:૫૯ કલાક સુધી)**

૪. આ નિમણૂંક કરારના ધોરણે ૧૧ માસથી વધુ નહી તેટલી મુદતની રહેશે.

૫. આ જગ્યા બદલીને પાત્ર રહેશે નહી.

૬. **ઉમેદવારની વયમર્યાદા ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ૩૫ વર્ષ સુધીની રહેશે.**

૭. **માસિક ફિકસ વેતન નીચે મુજબ રહેશે.**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **માસિક ફિકસ મહેનતાણું** |
|---|---|---|
| ૧ | સ્પેશ્યલ એજ્યુકેટર :Cerebral palsy (CP) | રૂા.૧૫૦૦૦/– |
| ૨ | સ્પેશ્યલ એજ્યુકેટર :Hearing Impaired (HI) | રૂા.૧૫૦૦૦/– |
| ૩ | સ્પેશ્યલ એજ્યુકેટર :Intellectual Disabilities(ID)/ (MR) (**માનસિક અશકતતા**) | રૂા.૧૫૦૦૦/– |
| ૪ | સ્પેશ્યલ એજ્યુકેટર :Multiple Disabilities(MD) | રૂા.૧૫૦૦૦/– |
| ૫ | સ્પેશ્યલ એજ્યુકેટર :Visual Impaired (VI) | રૂા.૧૫૦૦૦/– |

૮. ઓન–લાઈન અરજી કરવાની છેલ્લી તારીખને ધ્યાને લઈને વયમર્યાદા લાયકાતને ધ્યાને લેવામાં આવશે.

૯. ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતો, ઓરીજનલ પ્રમાણપત્રોની ચકાસણી વખતે ક્ષતિ જણાશે તો, ઉમેદવારની કોઈપણ રજુઆત ગ્રાહય રખાશે નહિં તેમજ મેરીટ લીસ્ટ ઉપરથી તેમની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

૧૦. આ જાહેરાત કે ભરતીમાં કોઈપણ કારણોસર ફેરફાર કે રદ કરવાની આવશ્યતા ઉભી થાય તો, તેમ કરવાનો સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ કચેરી, સેકટર–૧૭, ગાંધીનગરને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણયો માટે સમગ્ર શિક્ષા કચેરીને હકક અબાધિત રહેશે. સમગ્ર શિક્ષા કચેરી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં. કાયમી ભરતી ન થાય ત્યાં સુધી કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે ૧૧ માસ માટે કામગીરી કરાર માટેની જાહેરાત છે.

૧૧. અરજી કર્યાબાદ ઉમેદવાર ધ્વારા ભરતી કે નિમણૂંક અંગે ટેલિફોનીક અથવા પત્ર વ્યવહાર ધ્વારા લાગવગ/ ભલામણ કરવામાં આવશે તો તે ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૧૨. ઉમેદવારને મેરીટ મુજબ ખાલી જગ્યા માટે નિમણૂંક આપવામાં આવશે. આ અંગે કોઈપણ ઉમેદવાર જગ્યાની નિમણૂંક સબંધે વારંવાર કચેરીને ભલામણ કરતો જણાશે તો તેની નિમણૂંક રદ કરવામાં આવશે.

૧૩. સમગ્ર શિક્ષા અંતર્ગત હાલ કરાર આધારિત નિમણૂંક પામેલ કોઈપણ કર્મચારી અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારની નિમણૂંક નવી નિમણૂંક ગણાશે અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું ફિકસ મહેનતાણું મળવાપાત્ર રહેશે.

૧૪. આ જગ્યાઓ બદલી પાત્ર જગ્યા નથી. ભવિષ્યમાં ઉમેદવાર ધ્વારા સ્વવિનંતી કે અન્ય કોઈપણ રીતે બદલીની માંગણી કરી શકશે નહિ.

**૧૫. લાયકાતના ધોરણોઃ–**

સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તાઃ૩૧/૦૬/૨૦૧૫ ના સ્પેશિયલ એજયુકેટરની લાયકાતના ધોરણો.

(૧) ૩૫ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ.

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુર્નિવસીટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલ અથવા યુર્નિવસીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુર્નિવસીટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી (કોઈપણ વિદ્યા શાખામાં) સ્નાતકની મેળવેલી પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ. અને

**<u>(૧) સેરેબ્રલ પાલ્સિ (CP) બાળકો માટેઃ</u>**

ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમની અથવા તે હેઠળ સ્થપાયેલી યુર્નિવસીટીઓ અથવા સંસ્થાપિત યુર્નિવસીટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલ અથવા યુર્નિવસીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુર્નિવસીટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશિયલ બી.એડ.(સેરેબ્રલ પાલ્સિ) પદવી ધરાવતો હોવો જોઈએ અથવા ભારત પુનર્વસવાટે પરિષદ(Rehabilltation Council of India) ધ્વારા માન્ય થયેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશિયલ એજયુકેશન (સેરેબ્રલ પાલ્સિ) માં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈએ.

**(૨) સ્પેશ્યલ એજયુકેટર :Hearing Impaired (HI) :**

ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમની અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુર્નિવસીટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુર્નિવસીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુર્નિવસીટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશિયલ બી.એડ. Hearing Impaired (HI) ની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા ભારત પુનર્વસવાટે પરિષદ (Rehabilltation Council of India) ધ્વારામાન્ય થયેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશિયલ એજયુકેશન Hearing Impaired (HI) માં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈએ.

**(૩) ઈન્ટલેકચુઅલ ડિસેબિલીટી (ID)/(MR) માનસિક અશકતતા બાળકો માટેઃ**

ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમની અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુર્નિવસીટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુર્નિવસીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુર્નિવસીટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશિયલ બી.એડ.(ઈન્ટલેકચુઅલ ડિસેબિલીટી)/ (MR) માનસિક અશકતતા પદવી ધરાવતો હોવો જોઈએ અથવા ભારત પુનર્વસવાટે પરિષદ (Rehabilltation Council of India) ધ્વારામાન્ય થયેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશિયલ એજયુકેશન(ઈન્ટલેકયુઅલ ડિસેબિલીટી)/ (MR) માનસિક અશકતતામાં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈએ.

**<u>(૪) મલ્ટિપલ ડિસેબિલીટી (MD) બાળકો માટેઃ</u>**

ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમની અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુર્નિવસીટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુર્નિવસીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુર્નિવસીટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક

સંસ્થામાંથી મેળવેલી સ્પેશિયલ બી.એડ.(મલ્ટિપલ ડિસેબિલીટી) પદવી ધરાવતો હોવો જોઇએ અથવા ભારત પુનર્વસવાટે પરિષદ (Rehabilltation Council of India) ધ્વારામાન્ય થયેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશ્યિલ એજ્યુકેશન (મલ્ટિપલ ડિસેબિલીટી) માં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઇએ.

**(૫) સ્પેશ્યલ એજ્યુકેટર : Visual Impaired (VI) :**

ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમની અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુર્નિવસીટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુર્નિવસીટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુર્નિવસીટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્પેશિયલ બી.એડ. Visual Impaired (VI) ની પદવી ધરાવતો હોવો જોઇએ અથવા ભારત પુનર્વસવાટે પરિષદ (Rehabilltation Council of India) ધ્વારામાન્ય થયેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશ્યિલ એજ્યુકેશન Visual Impaired (VI) માં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઇએ.

(૩) ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.

(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

(૫) વિશિષ્ટ શિક્ષણમાં સ્પેશ્યલ બી.એડ. કે સ્પેશ્યલ ડીપ્લોમા માં RCI માન્ય સંસ્થા માંથી તેમજ RCI CRR રજીસ્ટ્રેશન ફરજિયાત કરેલ હોવું જોઈએ.

*** ઉકત જગ્યાઓ માટે માંગેલ લાયકાતમાં ઘણા ઉમેદવારો દિવ્યાંગ બાળકો માટેનો સ્પેશ્યલ બી.એડ./ડીપ્લોમા કરેલ ન હોય તો પણ અરજીઓ કરે છે. સામાન્ય બી.એડ. કરેલ હોય તેવા કોઈપણ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી નહિ. આમ છતાં જો સામાન્ય બી.એડ. કરેલ ઉમેદવાર અરજી કરશે તો આ જગ્યાઓ માટે નિયત લાયકાત ધરાવતાં ન હોવાથી તેમની અરજીઓ રદ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.**

૧૬. ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.

૧૭. ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે. જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો **200 kb** થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload** કરવાનો રહેશે. **Registration** ફોર્મમાં આપેલ **Email Address** પર **Account Activate** કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં **Click here To Activate** પર **Click** કરવાથી આપનું **Register** કરેલ **Account Activate** થશે. ત્યારબાદ **Login** થઈ જે તે જગ્યા સામે **Apply Button** પર **Click** કરી અરજી કરવાની રહેશે.

૧૮. On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

૧૯. આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **Submit કરેલી અરજી જ માન્ય ગણાશે** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

૨૦. **Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.**

૨૧. ઈન્ટરવ્યુ વખતે પ્રિન્ટ લીધેલ અરજી પત્રકમાં અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

૨૨. ઓનલાઈન અરજી કર્યાબાદ અરજી પત્રકમાં કોઈ ભૂલ જણાય તો નવેસરથી ફરીવાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૨૩. પસંદગી પ્રક્રિયા માટે ઉમેદવારો ધ્વારા ઓનલાઈન અરજી મેળવ્યા બાદ લાયકાતના ધોરણે પસંદગીને પાત્ર ઠરતાં ઉમેદવારોની મેરીટ યાદી તૈયાર કરી જગ્યાના પ્રમાણમાં ઉમેદવારની પસંદગી માટે તેમનું લાયકાતના ગુણાંકન પર ભારાંક રહેશે.

૨૪. ઉમેદવારોની લાયકાત પ્રમાણે નીચે મુજબ ગુણાંકન રહેશે.

**(૧) સ્પેશ્યલ એજ્યુકેટર: (Cerebral palsy – CP)**

| **HSC પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં ડીપ્લોમા અથવા સ્પેશ્યલ બી.એડ. (CP) માં મેળવેલ ગુણાંકન %** | **કુલ ગુણ (૧૦૦)** |
|---|---|---|---|
| ૨૦% | ૩૦% | ૫૦% | ૧૦૦ |

**(૨) સ્પેશ્યલ એજ્યુકેટર :Hearing Impaired (HI) :**

| **HSC પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં ડીપ્લોમા અથવા સ્પેશ્યલ બી.એડ. (HI) માં મેળવેલ ગુણાંકન %** | **કુલ ગુણ (૧૦૦)** |
|---|---|---|---|
| ૨૦% | ૩૦% | ૫૦% | ૧૦૦ |

**(૩) સ્પેશ્યલ એજ્યુકેટર :Intellectual Disabilities-(ID)/ (MR) માનસિક અશકતતા**

| **HSC પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં ડીપ્લોમા અથવા સ્પેશ્યલ બી.એડ. (ID)/(MR) માં મેળવેલ ગુણાંકન %** | **કુલ ગુણ (૧૦૦)** |
|---|---|---|---|
| ૨૦% | ૩૦% | ૫૦% | ૧૦૦ |

**(૪) સ્પેશ્યલ એજ્યુકેટર :Multiple Disabilities-MD)**

| **HSC પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં ડીપ્લોમા અથવા સ્પેશ્યલ બી.એડ. (MD) માં મેળવેલ ગુણાંકન %** | **કુલ ગુણ (૧૦૦)** |
|---|---|---|---|
| ૨૦% | ૩૦% | ૫૦% | ૧૦૦ |

**(૫) સ્પેશ્યલ એજ્યુકેટર : Visual Impaired (VI) :**

| **HSC પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણાંકનના %** | **વિશિષ્ટ શિક્ષણ (Special Education) માં ડીપ્લોમા અથવા સ્પેશ્યલ બી.એડ. (VI) માં મેળવેલ ગુણાંકન %** | **કુલ ગુણ (૧૦૦)** |
|---|---|---|---|
| ૨૦% | ૩૦% | ૫૦% | ૧૦૦ |

ઉપરોકત જગ્યા પર ઉમેદવારની લાયકાતના આધારે ઓનલાઈન ભરવામાં આવેલ ફોર્મ મુજબ ઉપરોકત ગુણાંકનનું મેરીટ તૈયાર થયા બાદ ફાઈનલ મેરીટ તૈયાર કરવામાં આવશે.

# <u>પરિશિષ્ટ – ૪</u>

## ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા

**ખાસ નોંધ :**

૧. ફોર્મ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવું.

૨. એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયા હોય તેવા અરજદારે :

- છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો સીટ નંબર અને વર્ષ લખવું.
- તમામ માર્કશીટના ગુણનો સરવાળો કરી એન્ટ્રી કરવી, દા.ત. પહેલા પ્રયત્નમાં કુલ ૭૦૦ માંથી ૪૫૦ ગુણ અને બીજા પ્રયત્નમાં કુલ ૪૦૦ માંથી ૩૦૦ ગુણ મેળવેલ હોય તો કુલ ગુણમાં ૧૧૦૦ (૭૦૦+૪૦૦) અને મેળવેલ ગુણમાં ૭૫૦(૪૫૦+૩૦૦) એન્ટર કરવા.

૩. જયારે સ્ક્રીન પર Please Wait દર્શાવતું હોય ત્યારે કોઈ પણ એન્ટ્રી કરવીં નહીં.

૪. તમામ માહિતી અંગ્રેજીમાં ભરવાની રહેશે.

૫. કેટલીક યુનિવર્સિટીની માર્કશીટમાં ગ્રેડ પધ્ધતિ અનુસાર ઉમેદવારના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવેલ હોતા નથી. આવા ઉમેદવારોએ જે તે યુનિવર્સિટીમાંથી કુલ ગુણ/મેળવેલ ગુણ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે મુજબ ગુણ દર્શાવવાના રહેશે. જો ઉમેદવાર આ પ્રકારનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો ગ્રેડ પધ્ધતિમાં દર્શાવેલ ગ્રેડના રેન્જની લઘુતમ ટકાવારી મુજબના ગુણ અરજીપત્રકમાં ભરવાના રહેશે. કુલ ગુણ ૧૦૦૦ અને ટકાવારી અનુરૂપ મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. જો ૭૧% હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૭૧૦ દર્શાવવા)

(૧). **ઉમેદવારનું પુરૂ નામઃ** અટક, નામ, અને પતિ/પિતાનું નામ તમારી માર્કશીટ પ્રમાણે એન્ટર કરો.

(૨). **પત્ર વ્યવહારનું સરનામું:** પત્ર વ્યવહાર માટે હાલના સરનામાંની વિગત એન્ટર કરો.

✓ "ફોન નંબર" માં તમારો ફોન નંબર એન્ટર કરો.

✓ "ઈમેલ એડ્રેસ" માં તમારું ઈમેલ એડ્રેસ એન્ટર કરો.

✓ "જન્મ તારીખ" માં "DD" માંથી તમારી જન્મની તારીખ પસંદ કરો. "MM" માંથી તમારા જન્મનો મહિનો પસંદ કરો. અને "Year" માંથી તમારા જન્મનું વર્ષ પસંદ કરો. તમારી ઉંમર આપોઆપ આવી જશે.

✓ "જાતિ" માં સ્ત્રી અથવા પુરૂષ પસંદ કરો.

(૩). **શૈક્ષણિક લાયકાતઃ**

"શૈક્ષણિક લાયકાત" માં ડ્રોપ ડાઉનમાંથી નીચે પૈકીના વિકલ્પ માંથી પસંદગી કરો.

➢ **એચએસસી / સ્નાતક / અનુસ્નાતક / અન્ય લાયકાત માટેઃ**

- ડ્રોપ બોક્ષમાં દર્શાવ્યા મુજબ વિકલ્પ પસંદ કરો.
- University / Organization / Institute માં યોગ્ય વિકલ્પ પસંદ કરો. "Other" સિલેકટ કરતાં University નું નામ લખવું.
- Year of Passing માં ડીગ્રી પાસ કર્યાનું વર્ષ એન્ટર કરો.
- Exam Seat No માં તમારો સીટ નંબર એન્ટર કરો.
- કુલ ગુણ અને મેળવેલ ગુણ એન્ટર કરો. ટકા આપોઆપ આવી જશે.
- તમારો પ્રયત્ન ડ્રોપ ડાઉનમાંથી સિલેકટ કરો.

તમામ વિગતો ભરી Submit પર કિલક કરો.

**નોંધઃ–**

- પ્રિન્ટ કાઢયા પછી હાથ થી સુધારા/વધારા કરેલા અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.
- ઈન્ટરવ્યુ માટેની સૂચના, મેરીટ લિસ્ટ વગેરે માટે ઓનલાઈન **http://www.ssagujarat.org** વેબસાઈટ જોતી રહેવાની રહેશે. અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.